# ગુરુજી ગોખલે

લેખક :

રાઈટ ઓનરેબલ વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી
પી. સી. સી એચ; એલ એલ. ડી; ડી. લિટ્.

પ્રસ્તાવના લેખક :

શ્રી ગણેશ વાસુદેવ માવલંકર.

મહાત્મા ગાંધીના આમુખ સાથે

* *

અંગ્રેજી પુસ્તકના સંપાદક :

ટી. એન. જગદીશન

પ્રકાશક :

મુંબઈ ભગિની સમાજ વતી,
[illegible]નદાસ જ. ચિતલીયા.

ગુજરાતીમાં ઉતારનાર :

કલ્યાણરાય નથુભાઈ જોષી

( સર વિઠ્ઠલદાસ-જીવનચરિત્રના લેખક
વડોદરા રાજ્યની હાઇસ્કુલોના નિવૃત્ત હેડમાસ્તર. )

# ગુરૂજી ગોખલે

મુદ્રક :

જયંતિલાલ મોરારજી મહેતા,

ભાવનગર.

V2wM66
J2

૧૯૫૨

આવૃત્તિ પહેલી પ્રત : ૧૦૦૦

કિંમત ત્રણ રૂપીઆ

મુદ્રણસ્થાન :

ભાવનગર સમાચાર પ્રેસ,

ભાવનગર.

# અર્પણ

આજીવન સેવા વ્રત સ્વીકારનાર
ભગિની સેવા સંઘનાં સભ્ય

**શ્રી મણીબેન નાણાવટીને**

# આભાર

ગુરુજી ગોખલે ગ્રંથ ગુજરાતી જનતાની સેવામાં મૂકવા માટે જેમનો હાર્દિક સાથ સાંપડ્યો છે તેમનો આભાર.

ના. શાસ્ત્રીના ગોખલેજી ઉપરના લેખોમાંથી અંગ્રેજી પુસ્તક પ્રકટ મો. જગદીશન, એમણે ગુજરાતીમાં ઉતારવાની સંમતિ આપ્યા બદલ,

શ્રી કલ્યાણરાય ન. જોષી, કેળવણીકારે ખંતથી લાંબો સમય ગાળીને ગુરુજી પ્રતિના ભક્તિભાવથી ભાષાંતર કરવા બદલ,

ભાવનગર સમાચાર સાપ્તાહિકના તંત્રીશ્રી જયંતીલાલ મહેતાએ સ્વયંભુ વૃત્તિથી ગ્રંથ પ્રકાશનનું કાર્ય કાળજીપૂર્વક તૈયાર કરી આપવા બદલ,

પ્રકાશન અને પ્રચાર માટે અનુકૂળતા કરી આપવા સાહાય્યભૂત થનાર ભાઇ-બહેનો તેમની દિલસોજી બદલ, અને

ગુરુજી ગોખલે ગ્રંથને દીપાવે અને વાચનારને જીવનમાં માર્ગ-દર્શક-પ્રોત્સાહક નીવડે એવી પ્રસ્તાવના, કામના અતિશય રોકાણ છતાં વખત કાઢીને લખી આપી પૂ. ઠક્કરબાપાની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે આપવા બદલ નામદાર માવલનકર દાદાનો અત્યંત આભાર.

| | |
|---|---|
| ગોખલે પુણ્યતિથિ<br>તા. ૧૯, ફેબ્રુઆરી, ૧૯૫૨ | કરસનદાસ જ. ચિતલીયા |

# આમુખ

હું જેમને "ભલા ગોખલે"નું અભિધાન આપવા ઇચ્છું, એ ગોખલે સંબંધી માનનીય શાસ્ત્રીના લેખોના અને વ્યાખ્યાનોના પ્રશંસનીય સંગ્રહના પુસ્તકની પ્રસ્તાવના કે આમુખ તરીકે થોડા શબ્દો લખી આપવાના ભાઈશ્રી જગદીશનના આમંત્રણની હું કદર કરું છું. તેની સાથે તે મને મુંઝવણમાં નાખે છે. વાચકને મારો દાવો ગમે તેવો વિચિત્ર જણાય તો પણ મેં તો ગોખલેને મારા રાજકીય ગુરુ માન્યા છે. તેથી શાસ્ત્રી તો મારા ગુરુભાઈ છે. કેવા ગુરુભાઈ! (મારું સ્થાન) પચાવી પાડનાર!!! છતાં પ્રેમાળ વૃત્તિવાળા ગોખલે પછી એમનું સ્થાન (વારસનું) લેવાનું માન મને મળવાનું હતું. પણ તે સ્થાન પચાવી પાડવામાં મને શાસ્ત્રીની યોગ્યતા જણાઈ અને તેમને મેં રાજી ખુશીથી અર્પણ કરી દીધું. સોસાયટીના ચુંટાયેલા સભાસદોને હું સંતોષ આપી શક્યો નહોત. જે આવડતની બક્ષિસ ગોખલેમાં હતી અને શાસ્ત્રીમાં અઢળક પ્રમાણમાં છે તે આવડતની બક્ષિસ મારામં નહોતી, અને છે નહિ.

હું કબૂલ કરું છું નિષ્પક્ષપાતવૃત્તિ માટે મારો ગમે તેવો મોટો પ્રયત્ન રહ્યો હોય તોપણ વિવેચક વૃત્તિવાળા વાચકને હું સંતોષ આપવામાં સફળ ન જ થાઉં. મારા જેવા પ્રશંસકોને મારા તરફના પ્રમાણપત્રની જરૂર જણાતી નથી. અને મારે કોના માટે લખવાનું? જગ-

દોશને ચુંટી કાઢેલો સંગ્રહ હું વાંચવા લાગ્યો એટલે મારાથી સમજી શકાયું નહિ કે ગોખલેમાં મારું ધ્યાન તલ્લીન થયું હતું કે શાસ્ત્રીમાં?

તેથી આ પાનાના ઢગલામાં વાચકના પોતાના સિદ્ધાંતો શોધી કાઢવાના બોદા કામનો પ્રયત્ન વાચકે ન કરવો એવી ચેતવણી આપી આ છૂટાછવાયા રૂપમાં ઉતાવળે લખેલા શબ્દોનું લખાણ હું બંધ કરીશ. આમાંથી લેખકનાં—કહો કે જીવનકથા લખનારનાં અને ગુરુજીના જીગરની પારદર્શક સચ્ચાઇનાં અને દેશભક્તિનાં લક્ષણો શોધી શકાય તો બસ થશે.

મદ્રાસ જતી આગગાડીમાં
૨૦ મી જાન્યુઆરી ૧૯૪૬

(સહી) એમ. કે. ગાંધી
(અંગ્રેજીમાં)

# બે બોલ

## ( અનુવાદ લખનાર તરફથી )

**My Master Gokhale**—એ પુસ્તક મેં મારા ભાઈ છગનલાલ જોષીના ટેબલ ઉપરથી વાંચવા લીધું હતું. ત્યારથી મને જણાયું હતું કે હાલના યુગના યુવાનો પાસે શ્રી ગુરુજી ગોખલેનું કાર્યક્ષેત્ર અને તેમની કાર્યપદ્ધતિ સમજાવતું એ ઉત્તમ પુસ્તક ગુજરાતી ભાષામાં રજુ થાય તો સારૂં. મારા મિત્ર ભાઇ કરસનદાસ ચીતલીઆએ મને એ કામ કરી આપવા સૂચના કરી હતી.

મેં એ કામ બીતાં બીતાં પુરૂં કર્યું છે. માનનીય શાસ્ત્રીની ઉદ્દીપક અંગ્રેજી ભાષાનું જોમ, એમના શબ્દોની શક્તિ, અને એમનામાં ઝળહળી રહેલી ગુરુજી ગોખલે પ્રત્યેની ભક્તિની ધગશ હું આ ચોપડીમાં ક્યાંથી લાવી શકું? મારી ઉણપના પૂરેપૂરા ભાન સાથે મેં આ ચોપડી લખી છે. ગુરુજી ગોખલે પ્રત્યેની મારી અંગત માનવૃત્તિમાંથી મળેલી પ્રેરણાના બળે આ ચોપડી લખવાનું કામ હું પૂરૂં કરી શક્યો છું. અંગ્રેજી ભાષામાં રાજકારણના વિષય પરત્વે ઘડાયેલી પરિભાષા ઉપર માનનીય શાસ્ત્રીનો કાબુ અજોડ હતો. એમનું રાજકારણના વિષયપરનું વ્યાખ્યાન સાંભળવામાં અંગ્રેજ શ્રોતાવર્ગ એક પ્રકારની મીજમાનીની મોજ માનતા હતા. મારાથી એ પરિભાષાનું જોમ ગુજરાતી ભાષામાં લાવી શકાયું નથી.

ગુરુજી ગોખલેની વક્તૃત્વ છટા અને વક્તૃત્વની શાસ્ત્રીયતા બતાવવાના ઉદ્દેશથી માનનીય શાસ્ત્રીએ લખેલા એક પ્રકરણમાં-દૃષ્ટાંત તરીકે મૂકાયેલા અંગ્રેજી ભાષણના ફકરા એમના એમ અંગ્રેજીમાં જ મૂકી રાખવાનું મેં વ્યાજબી ધાર્યું છે.

આ પુસ્તક લખતાં લખતાં પૂજ્ય શ્રી ઠક્કરબાપા, ભાઈ કરસનદાસ ચીતલીઆ, સ્વ. હરિલાલ ગોવિંદજી પારેખ (અમરેલી), સ્વ. હરિલાલ માણેકલાલ દેશાઇ (કપડવંજ), શ્રી સુમન્ત મહેતા ડૉક્ટર, અને સેવામૂર્તિ શ્રી મોતીભાઈ અમીન આગળ મેં "હિન્દ સેવકસમાજ" પરત્વે કરેલાં મીઠાં ગુંજનની યાદ મને આવ્યા કરતી હતી.

ઉદ્ધવ નિકેતન
દ્વારકા: તા. ૧૬-૭-૪૯

કલ્યાણરાય ન. જોષી

# ગુરૂજીને (સ્વર્ગસ્થ ગોખલેજીને) અંજલિ

સ્વર્ગસ્થ નેકનામદાર શ્રીનિવાસ શાસ્ત્રીના લેખો અને ભાષણોમાંથી કેટલાકનો સંગ્રહ "My Master Gokhale" "મારા ગુરૂજી ગોખલે" એ નામથી સને ૧૯૪૬ માં મારા સહકારી કાર્યકર મદ્રાસના શ્રી ટી. એન. જગદીશને પ્રસિદ્ધ કર્યો, તેનું આ ગુજરાતી રૂપાંતર ભારત સેવક સમાજના સભ્ય શ્રી કરસનદાસ ચીતળીઆએ કરાવ્યું છે. આ ગુજરાતી પ્રકાશન માટે પ્રસ્તાવના મારેજ લખવી, એવા શ્રી ચીતળીઆના આગ્રહનું કારણ તો તેઓ જાણે, પણ તેમના આગ્રહને વશ થવાની મારી ફરજ સમજી મે તેમની વિનંતિ કબુલ કરી. તેનું કારણ એજ કે સ્વર્ગસ્થ ગોખલેને હું પણ મારા જીવનની શરૂઆતથી ગુરૂ તરીકે માનતો આવ્યો છું. પ્રસ્તાવના લખવામાં મારાં જુનાં અંગત સ્મરણો ફરી તાજાં થાય દેશના ઘડતરના ઈતિહાસનું પુનર્દર્શન થાય, અને જે મહાન વ્યક્તિને હું પૂજ્યભાવે ગુરૂ તરીકે માનતો આવ્યો છું તેમને અંજલિ આપવાની પણ તક મળે.

સ્વ. ગોખલેનાં પ્રથમ દર્શન મને સુરતમાં ૧૯૦૭ ની ઐતિહાસિક કોંગ્રેસ વખતે થયાં હતાં. તે વખતે હું કોલેજમાં જુનીયર બી. એ. માં ભણતો હતો. હિંસાવાદીઓ તરફ આદર અને આકર્ષણ હતાં. મારી કાઢયા સિવાય અંગ્રેજો હિન્દુસ્તાનમાંથી કોઇ કાળે જવાના નથી એવી હિંસાવાદીઓની માફક જ મારી પણ માન્યતા હતી. છતાં ગોખલે પ્રત્યેનું આકર્ષણ અને આદર તીવ્ર હતાં. તેથી ગોખલેજીને

પ્રત્યક્ષ જોવા, સાંભળવા અને દેશના પ્રશ્નોનો અંગ્રેજો સાથે વાટાઘાટ કરી કે કેવળ ઠરાવો દ્વારા ઉકેલ કેમ લાવી શકાય એ જાણવાને અને સમજવાને હું બહુ આતુર હતો. તેથી સુરતની કોંગ્રેસમાં મેં હાજરી આપી હતી, અને ચાર છ દિવસ કોંગ્રેસ કેમ્પમાં જ મારો પડાવ નાંખ્યો હતો. કેમ્પમાં સવાર સાંજ ભાષણો થતાં, ગોખલેજી પોતાનું દૃષ્ટિબિંદુ અનેક જણને અનેક ભાષણોમાં સમજાવતા, તે પણ સાંભળતો. બધું સાંભળ્યા પછી પણ, હિંસાવાદનો વિચાર મૂલતઃ ભૂલભરેલો છે એ વાત મારે ગળે ઉતરી શકી નહીં; પણ એ રસ્તે હિન્દુસ્તાન વ્યવહારૂ રીતે જઇ શકે એમ નથી, અને તેથી ગોખલેજીની રીત અપનાવવી જોઇએ, એમ મને લાગ્યું હતું.

દેશ સેવાના વિચારો છેક વિદ્યાર્થી દશામાંથી જ મારા મનમા આવતા હતા. કેવળ કુટુંબ પોષણ માટે નાણાં મેળવવામાં જ જીવન વ્યતિત કરવું એ આદર્શ મને રૂચતો નહોતો. પણ સેવાનું ક્ષેત્ર અને પદ્ધતિ નક્કી કરતાં સ્વાભાવિક વખત લાગ્યો. ૧૯૧૨ માં હું એલ-એલ. બી. થયો ત્યારે મેં નિશ્ચય કર્યો કે ગોખલેજીના ભારત સેવક સમાજમાં જોડાવું, અને ત્યાં તાલીમ લઇ પછી તેની શાખા ગુજરાતમાં કાઢી ગુજરાતમાં કામ કરવું. પરંતુ કેટલાક સંજોગોને કારણે એ વિચાર હું અમલમાં ન મુકી શકયો. આ કથન કરવામાં મારો હેતુ માત્ર એટલોજ છે કે ભારત સેવક સમાજના સ્થાપક શ્રી ગોખલે પ્રત્યે, તેમનાં ધ્યેય અને કાર્ય પદ્ધતિ પ્રત્યે મારા જાહેર જીવનની શરૂઆતથી જ મારી મનોભૂમિકા શું હતી તે સ્પષ્ટ કરવી.

ત્યારબાદ કેટલેક વર્ષે, એટલે ગાંધીજી હિન્દુસ્તાનમાં આવ્યા પછી (૧૯૧૫), મને ટુંક મુદતમાં જ અહિંસાના માર્ગે જ 'સાચી આઝાદી દેશ મેળવી શકશે એવો વિશ્વાસ આવ્યો, અને તે દૃષ્ટિએ હું ગોખલેજીનું જીવન, કાર્ય અને તેમની સંસ્થા જોવા લાગ્યો ત્યારે મારો

તેમના પ્રત્યેનો આદર તાત્ત્વિક પાયા ઉપર સ્થિર થયો, અને ગાંધીજી ગોખલેને પોતાના ગુરૂ કેમ માનતા તે પણ હું સારી રીતે સમજી શક્યો.

સદ્‌ગત શાસ્ત્રીજી ગોખલેજીના સમર્થ અને અનન્ય શિષ્ય હતા. ગોખલે સાથે વર્ષો સુધી તેમણે દેશસેવાનું કાર્ય કર્યું હતું. એવા સમર્થ શાસ્ત્રીજીએ કરેલાં ભાષણો અને લખેલા લેખો ઉપરથી ગોખલેના જીવનનો સુંદર, સ્પષ્ટ અને આબેહૂબ ચિતાર આ ગ્રંથમાંથી મળે છે. આમાંની અક્ષરે અક્ષર હકીકત આધારભૂત અને પ્રત્યક્ષ અનુભવ વાળી છે, એ આ ગ્રંથનો વિશેષ છે. શાસ્ત્રીજી સ્વર્ગસ્થ ગોખલેના શિષ્ય હોવા છતાં અંધ અનુયાયી નહોતા. ભારત સેવક સમાજના તેમની સાથેના સ્વર્ગસ્થ શ્રી દેવધર, શ્રી ડ્વીડ, શ્રી કુંઝરૂ, શ્રી એન. એમ. જોશી વિગેરે સભ્યોને પોતાના ગુરૂભાઇ ગાંધીજી પ્રત્યે માન અને હમદર્દી હોવા છતાં કાર્ય પદ્ધતિની ભિન્નતાને કારણે ગાંધીજીને સભાસદ તરીકે ન લેવાનો તેમણે નિર્ણય કર્યો હતો. એ ઉપરથી જ શાસ્ત્રીજી અને એમના મંડળની સ્વતંત્ર બુદ્ધિ કેટલી જાગ્રૂત હતી તેનો ખ્યાલ આપણને આવી શકે. તેવા શાસ્ત્રીજીએ આપેલાં ભાષણો, કે લખેલાં લખાણો અંધભક્તની પૂજા કે વર્ણન ન જ હોઇ શકે, પણ એક સાચા દેશભક્ત, સમર્થ ચિંતક અને સ્વતંત્ર વિચારકને ગોખલેજી કેવા જણાયા તેનું જ વાસ્તવિક ખ્યાલ આપણને મળે છે.

ગોખલેજીએ જીવનના આદર્શ અને કાર્ય પ્રણાલિ પ્રત્યે જે માર્ગ પોતાના આમરણ વર્તનથી આપણને બતાવ્યો છે, તે સર્વકાળે લક્ષમાં રાખી આચરવામાંજ આપણા દેશનું કલ્યાણ છે એવો મારા જેવાને વિશ્વાસ છે. અને તેથી જે આંતરરાષ્ટ્રીય અને આંતરિક પરિસ્થિતિમાં આપણે છીએ તેમાં આપણે તે આદર્શ અને કાર્ય પ્રણાલિ નજર આગળ રાખી આચરણમાં મુકવાં જોઇએ. તે ધ્યેયો અને તેની પ્રાપ્તિના માર્ગો આ ગ્રંથ સારી રીતે બતાવે છે. જુની વાતોનું આ નવા જમાનામાં શું કામ છે! એ ખ્યાલથી ન ચાલતાં, સદાને માટે ઉપયોગી

એવાં જે અણુમૂલાં તત્ત્વો અને માર્ગદર્શન તેમાં છે તે આ ગ્રંથના વાચનથી જોવાં જોઇએ.

ગોખલેજીએ જીવનનું ધ્યેય શું રાખ્યું હતું? તે આપણે તેમના આચરણથી સહેજે જોઇ શકીએ. ૧૮ વર્ષની ઉંમરે ૧૮૮૪માં બી.એ. ની પદવી પદવી પ્રાપ્ત કર્યા પછી સહેજે મળતી ઉંચી નોકરી, પ્રતિષ્ઠા અને પગારની પાછળ તેઓ ન ઘસડાતાં દેશને માટે આજીવન ભેખ લેવાનો તેમણે નિશ્ચય કર્યો; સહુથી મહાન એવા કેળવણીના રચનાત્મક કાર્યમાં તેઓ જોડાયા; અને ત્યાંની મુદત પુરી કરી મૃત્યુઘડી સુધી તેમણે "સેવા, સેવા, સેવાનો" જપ કરી સેવા ધર્મજ આચર્યો. તેમનામાં અનેક ગુણો હતા, જેની આજે પ્રમાણમાં અછત જણાય છે. હમેશની નમ્રતા, વડીલો પ્રત્યેની માનવાળી વૃત્તિ, શિસ્તપાલન, સાદાઇ, મનની ઉદારતા, નિઃસ્વાર્થ ધ્યેય પાછળનો સતત ઉત્સાહ, દીર્ઘદષ્ટિ, વ્યવહારૂ શક્તિ, આધ્યત્મિક વૃત્તિ વિગેરે અનેક ગુણો તરી આવે આવે છે.

આપણા જાહેરજીવન માટેની આવશ્યકતાઓ વિશે તેમના કેટલાક વિચારો આ ગ્રંથમાં મળે છે, તે પૈકી મુદ્દાના આપણે જોઇએ. તેઓ કહે છે: "જે ભાવનાથી ધર્મનાં કામ માથે ઉપાડવામાં આવે છે તેજ ભાવનાથી દેશની સેવા માટે પુરતા માણસોએ પોતાની જાતને કામે લગાડવા સારૂ બહાર પડવું જોઇએ." આજે તો આ હાકલની વધુ જરૂર છે.

જુવાનોને ઉદ્દેશીને કહે છે: "જીવનની બધી બીજી પ્રવૃત્તિઓ જતી કરો, અને પોતાના દેશની સેવાનું કામ ઉઠાવી લો. જો આપણે બધા આપણા પોતાના અંગત કામમાંજ રચ્યા પચ્યા રહેતા હોઇએ, આપણા વ્યક્તિગત હિતનીજ માત્ર સંભાળ રાખતા હોઇએ, તો આપણા દેશનાં કામો પુરી ગતિએ નથી ચાલતાં એવી ફરિયાદ કરવાનો આપણને હક્ક રહેતો નથી."

શ્રી ગોખલેની અનેક આકાંક્ષાઓમાંથી એક સહુથી મોટી એ હતી

કે ભવિષ્યની ઉજ્જ્વલ કારકીર્દિની આશા આપનારા સંખ્યાબંધ યુવાનોને દેશમાંથી વીણી કાઢી તેમને જાહેર સેવાક્ષેત્રના સંન્યાસી થવા માટેની તાલીમ આપવી. આજે તો આ જરૂરીઆત, તે વખત કરતાં હજારગણી છે. સત્તા, માનપાન, અને પ્રતિષ્ઠાના મોજાં ઉપર લહેરવાની આકાંક્ષાના પ્રસરતા જુવાળના મુકાબલે આ આકાંક્ષા કેટલી સ્ફૂર્તિદાયક છે? આજના યુવાનોને તૈયાર કરવામાં જો ચૂકીએ તો ભવિષ્ય નયું અંધારમયજ રહેને?

જાહેર હિતના પ્રશ્નો અંગેનાં વ્યક્તિગત મંતવ્યો વિશે બોલતાં તે કહે છે કે:

"જ્યાં સમૂહગત કેન્દ્રિત પ્રયત્નની જરૂર હોય ત્યાં, માત્ર અંતઃકરણની શ્રદ્ધાના વિષયો બાજુપર મુકતાં, બીજા બધા વિષયમાં જેમને અનુસરવાની આશા માણસો પાસેથી રખાતી હોય તેવાઓના અભિપ્રાયને જનતાએ આધીન થવુંજ જોઇએ. **આપણા જાહેર જીવનમાં શિસ્ત હોવી જોઇએ.**" આગળ ચાલતાં તેઓ કહે છે કે: "અગ્રેસરોની ખોટનો અર્થ એટલોજ કે આપણા સાર્વજનિક જીવનમાં સહકારિત્વની ખોટ છે." આની સત્યતાનો અનુભવ આપણે કમનસીબે હાલ પણ કરી રહ્યા છીએ!

દેશની પ્રગતિ આપણે સાધી શકીએ તે માટે તેઓ કહે છે: "**સારા સ્વભાવના થાઓ, ભૂતકાળ સાથેની સાંકળ બળાત્કારથી ન તોડો,** અને ઉગ્ર ઉપાયોને અને અવિચારી સૂચનાઓને વખોડી કાઢો." કેટલા ડહાપણ ભર્યાં અને વ્યવહારૂ માર્ગદર્શક ઉદ્દગારો! તેઓ ચારિત્ર્ય ઉપર ભાર મુકે છે, અને પ્રજાના ઘડતરના પાયામાં ન્યાય અને પ્રેમભાવ હોવાં જોઇએ એવો આગ્રહ કરે છે. અંદર અંદર ચર્ચા અને તોડજોડથી પ્રગતિ સાધી શકાય; નહીં કે હિંસા કે જોરજુલમથી. એ મુદ્દો સમજાવતાં એ કહે છે: "જગતના ઇતિહાસે તો બતાવી આપ્યું

છે કે હિંસા કે હત્યાનો આશરો લીધા વિના ગંભીરતાપૂર્વક સતત ચળવળ વાસ્તે પુરો અવકાશ રહે છે." ચળવળની ગુપ્તતાને પણ તેઓ વખોડી કાઢતા. ગુપ્તતામાંથીજ શંકા જન્મે છે, એમ તેઓ સ્પષ્ટ કહે છે. સત્ય અને અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીજી પોતાને ગોખલેના શિષ્ય કેમ માનતા તેનો મર્મ આ તેમની શીખથી સમજી શકાય છે.

"વિચારમાં મોકળાશ અને આચારમાં નરમાશ"—એ એમનો મુદ્રાલેખ હતો. તે નરમાશનો અર્થ એ હતો કે અશકય ગણાતા નેમ માટે કે બહુજ દૂર પડેલી ઉમેદો માટે ખોટાં ફાફાં મારવાની પરિસ્થિતિ ઉભી કરવીજ ન જોઇએ. પણ મેળ ખવડાવવાની ભાવનાથી અને ન્યાયી ભાવનાથી પ્રેરાઇને પોતાના પગ પાસે આવી પડેલું કામ ઉપાડી લઇને માણસે સ્વાભાવિક વિકાસના ક્રમસર, દરરોજ એકેક પગલું આગળ વધવા પ્રયત્ન કરવો જોઇએ.

"**कर्मण्येऽवाधिकारस्ते** ।" એ ગીતાજીનું તત્ત્વજ્ઞાન ગોખલેએ પોતાના જીવનમાં ઉતાર્યું હતું. અને તેથી પોતાના પ્રયત્નમાં મળતા વિજયથી તેઓ જેમ મહાલતા નહીં, તેમ એ પ્રયત્નોનું પરિણામ ન આવે તો તેઓ નિરાશ પણ થતા નહોતા. તેઓએ એક કાગળમાં પોતાના ગોઠીઆઓને જણાવ્યું હતું કે: "આપણી નિષ્ફળતાઓથી પણ આપણે સેવાનાં કામ કરવાં જોઇએ. જે વધારે નસીબવાન હોય છે તે તેમના વિજયથી સેવા કરે છે." કેટલો સેવાભાવ, નિર્લોભતા, ત્યાગવૃત્તિ અને નમ્રતા! આઝાદ ભારતમાં તો આ ગુણોની ખૂબ આવશ્યકતા છે. તેઓ હંમેશ સંપ અને સુલેહને ઇચ્છતા, અને વિજયની અકળિત ચાવી, અતિશયતામાં ન હોતાં, વચલી એટલે સમાધાનની નીતિમાં છે એમ માનતા.

પ્રજા તરફથી કાર્ય કરનારાઓએ હંમેશ ધ્યાનમાં રાખવાની એક વાતનો અહીં નિર્દેશ કરવો ઘટે. ગોખલેજીના લડત તો પરદેશી સર-

કાર સાથે હતી. પરદેશીઓના હાથમાંથી સત્તા લેવાની નેમ હતી. તેમના સરકારી તંત્રની નેમ પ્રજાના હિતને વિરોધક હતી, છતાં પણ તેમણે કહ્યું હતું કે: "સરકારની પ્રતિષ્ઠા એ કિંમતી મીલકત ગણવી જોઇએ. તેથી હું તેને વાતવાતમાં અસ્થિર બનાવવા ખુશી નથી." તે વેળાએ તો આપણે સહુ સરકારની સામે થવામાં એક મત હતા, તો પણ દેશમાં કાયદો અને વ્યવસ્થા જળવાય, શાંતિ રહે, અરાજકતા ન થાય તે માટે તેઓ સરકારની પ્રતિષ્ઠા સાચવતા–તે ઉપર ઘા કરતા નહીં. હવે જ્યારે આપણે સ્વતંત્ર થયા છીએ, અનેક મતમતાંતરો છે, ત્યારે તો એ પ્રતિષ્ઠા વધુ કિંમતી મીલકત ગણવી જોઇએ. ગમે તે પક્ષ સરકાર રચે પણ કાયદો, સુવ્યવસ્થા અને શાંતિ ન હોય તો દેશની પાયમાલી સિવાય બીજું શું થાય ?

ગોખલે સત્યના પૂજારી હોવાથી પક્ષાપક્ષીમાં ખેંચાતા નહીં. ભિન્ન વિચારોવાળાને કે કોઇને પણ અન્યાય ન થાય તે સતત જોતા. અને પોતાની ભૂલોનો સ્વીકાર બહાદુરીથી અને ખુલ્લા હૃદયે કરતા, અને તેથી જ તેઓ પોતાની આસપાસ કાર્યકરોનું જૂથ મેળવી શકયા.

ગોખલેના જીવનકાર્યનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવું અશકય છે. પણ એ કાર્યના બે મુદ્દાઓ હંમેશ દૃષ્ટિ આગળ રાખવા જોઇએ. (૧) કેવળ રાજકીય બાબતોમાં કે રાજ્ય બંધારણમાં સુધારો થાય એટલું બસ નથી, પણ સમાજની સર્વાંગી નવરચના થવી જોઇએ, અને તેથી ભારત સેવક સમાજના ઉદ્દેશો એમણે બહુ બહોળા રાખ્યા હતા. "રાજકાજની તાલીમ માટે અને ચળવળ માટેના કામ સારૂ માણસોને કેળવવા", એ પ્રથમ ઉદ્દેશ હતો, તેને વિસ્તૃત કરી "હિન્દુસ્તાનની સેવા કરવા માટે રાષ્ટ્રીય સેવકોને તાલીમ આપવી" એવો કર્યો; અને આપણે જાણીએ છીએ કે એ વિશાળ દૃષ્ટિથીજ રાજકીય, સામાજિક, આર્થિક વિગેરે ક્ષેત્રોમાં કામ કરતા શ્રી શાસ્ત્રીજી, દેવધર, ઠક્કરબાપા, એન. એમ જોશી, કુંઝરૂ જેવા અનેક સેવકોનો સંઘ એમણે ભેગો

કર્યો હતો; અને દરેકનો સ્વભાવ અને કામ અંગેનાં વલણો જુદાં જુદાં હોવા છતાં એક સંસ્થાના છત્ર નીચે એક અવિભક્ત અને સંગઠિત રીતે દેશની સર્વાંગી સેવાનું કામ ચાલ્યું હતું.

(૨) બીજી અતિશય મહત્ત્વની, છતાં જે પ્રત્યે ગોખલે પહેલાં કે પછી આપણા આગેવાનોએ સંગઠિત પ્રયત્ન કર્યો નથી એવો પ્રયત્ન ગોખલેએ સફળ રીતે કરી આપણી આગળ એક પાઠ મુકયો છે, કે કોઈ પણ કાર્ય સમૂહ રીતે કરવું હોય તો, એકલદોકલ આગેવાન, સ્ફુર્તિ આપી વખતો વખત કાર્યકરોને કામ માટે ખેંચી શકે; પણ તેથી, નથી રહેતું કામનું સાતત્ય કે નથી રહેતી પરંપરા. એ દૃષ્ટિએ ભારત સેવક સમાજને એક અનેરૂં સ્થાન છે. લોક માન્ય ટિળક કે મહાત્મા ગાંધી પાસે સમર્થ કાર્યકરો ઠીક સંખ્યામાં આવ્યા; પણ આગેવાન પ્રત્યેની નિષ્ઠા સિવાય એ દરેકને અરસપરસ સાંકળનારૂં કોઈ પ્રેરકબળ નહોતું. અરસપરસ સહિષ્ણુતા, સહકાર વિગેરેનો વિકાસ ન થયો તેથી વ્યક્તિગત દરેક ઉંચો, પણ ઇચ્છીએ તેવું સંગઠિત અને એકરૂપ મંડળ નથી બન્યું. ભારત સેવક સમાજમાં પોતપોતાની લાયકાત મુજબ સભાસદોની કિંમત ભલે અંકાય; પરંતુ આપણે બધા એકજ શરીરના અવયવો છીએ, આપણો સમૂહ છે એ સર્વોદયની ભાવનાથી તેઓએ પોતાનું કામ ચલાવ્યું છે. તેથી તેમનામાં ઘર્ષણના પ્રસંગો ન આવતાં સંસ્થા એક દીલી, એક સંપથી ટકી રહી છે. દરેકના ઉદ્દેશનું મૂલ્યાંકન એકજ હોવાથી, દેવધર જેવા કેવળ સામાજિક કાર્યકર, ઠક્કર બાપા જેવા કેવળ દીનબંધુ કાર્યકર, એન. એમ. જોશી જેવા મજૂર કીસાન કાર્યકર વિગેરેનો સમાવેશ સંસ્થામાં થઇ શકે છે, અને સંસ્થા અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ચલાવી શકે છે.

ભારત સેવક સમાજનું સ્વરૂપ આશ્રમી છે. હિન્દુસ્તાનની સેવા અને તે સેવા માટે રાષ્ટ્રીય સેવકો બનાવવા એ તેનો ઉદ્દેશ છે. અને તેથી તેવા સેવકો માટે આવનાર વ્યક્તિની બહુજ આકરી કસોટી

કરવામાં આવે છે. એ આખી પ્રતિજ્ઞા આ ગ્રંથના પાના ૧૦૭ અને ૧૦૮ ઉપર પાદટીપ તરીકે આપેલી છે તે દરેક દેશ હિતેચ્છુએ દરરોજ એકવાર વાંચી પોતાના વર્તનમાં ઉતારવાની કોશીશ સદાય કાળ માટે કરવાની જરૂર છે. એની બધીજ કલમો મહત્ત્વની છે. છતાં પણ તેમાંની થોડીક તો અહીં ખાસ ધ્યાન ખેંચવા ઉતારવા જેવી છે :—

(ક) મારા વિચારમાં દેશ હંમેશા પહેલું સ્થાન રોકશે, અને **મારામાં જે કાંઇ ઉત્તમ હશે તે તેની સેવામાં હું અર્પણ કરીશ.**

(ખ) દેશની સેવા કરવામાં હું કોઇપણ **જાતનો અંગત લાભ મેળવવા કોશીશ કરીશ નહીં.**

(ગ) હું બધા હિન્દીજનોને બાંધવ તરીકે ગણીશ. **બધાની પ્રગતિ માટે ધર્મ કે જાતિનો ભેદ રાખ્યા વગર હું કાર્ય કરીશ.**

(ચ) **હું પવિત્ર અંગત જીવન ગાળીશ.**

(છ) કોઇ પણ જાતના કોઇ પણ સાથેના કજીયા ટંટામાં હું પડીશ નહીં.

આ પ્રકારની વૃત્તિવાળું સેવક મંડળ દેશને મળે તો આપણે જગતમાં ટોચે પહોંચીએ. હું ઇશ્વરને પ્રાર્થના કરૂં છું કે આવા સેવકો થવાની પ્રેરણા આ ગ્રંથના વાચનમાંથી આપણને સહુને મળે.

શાસ્ત્રીજીની વાણીથી અને કલમથી ઉતરેલું ગોખલેજીના સત્ય અને વાસ્તવિક સ્વરૂપનું દર્શન ભાઇ ચીતળીઆએ ગુજરાતી વાચકોને કરાવ્યું છે તેને માટે ગુજરાતી વાચકવર્ગ તેમનો હંમેશને માટે ઋણી રહેશે.

સેવાકુટીર, એલીસબ્રીજ
**અમદાવાદ**, તા. ૧૯–૧–૫૨ } ગણેશ વાસુદેવ માવલંકર

# અનુક્રમ


| | | |
|---|---|---|
| આભાર : | શ્રી કરસનદાસ જ. ચીતલીયા | ૪ |
| આમુખ : | શ્રી એમ. કે. ગાંધી | ૫ |
| બે બોલ : | શ્રી કલ્યાણરાય ન. જોષી | ૭ |
| ગુરૂજીને અંજલિ : | શ્રી ગણેશ વાસુદેવ માવલંકર | ૯ |
| વિષય પહેલો : | ઓન. જી. કે. ગોખલે સી. આઇ. ઈ. | ૧ |
| વિષય બીજો : | હીંદુસ્તાનના સંપૂર્ણ સેવક–શ્રી ગોખલે | ૩૪ |
| વિષય ત્રીજો : | ગુરૂશ્રીને પગલે પગલે (૧) | ૮૧ |
| વિષય ચોથો : | ગુરૂશ્રીને પગલે પગલે (૨) ૧૯૧૮ | ૮૭ |
| વિષય પાંચમો : | શ્રી ગોખલે સાથે મારો પહેલો મેળાપ | ૯૦ |
| વિષય છઠ્ઠો : | મારી દીક્ષાની હકીકત | ૯૯ |
| વિષય સાતમો : | હિન્દ સેવક સમાજ | ૧૧૦ |
| વિષય આઠમો : | શ્રી ગોખલેના રાજકારણની રૂપરેખા | ૧૨૩ |
| વિષય નવમો : | તાલીમ અને નેતાગીરી | ૧૪૩ |

| | | |
|---|---|---|
| વિષય દશમો : | હિન્દ સેવક સમાજનો સ્મારકરૂપી શિલાલેખ. | ૧૫૭ |
| વિષય અગીઆરમો : | માર્લી પત્રનો પ્રસંગ અને તે પછીના બનાવ. | ૧૭૩ |
| વિષય બારમો : | મીન્ટો–મોર્લેના વહીવટી સુધારા | ૨૦૨ |
| વિષય તેરમો : | પ્રાથમિક શિક્ષણનો કાયદો | ૨૩૦ |
| વિષય ચૌદમો : | ગોખલે અને દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન | ૨૩૭ |
| વિષય પંદરમો : | ગોખલેનું રાજદ્વારી;વસિયતનામું | ૨૫૧ |
| વિષય સોળમો : | શ્રી ગોખલેના જીવન કાર્યમાંથી સરી આવતો બોધ. | ૨૬૭ |
| વિષય સત્તરમો : | શ્રી ગોખલે અને તેમના સમકાલીન મહાપુરૂષો. | ૨૭૩ |
| વિષય અઢારમો : | ગોખલેનાં ભાષણોની વાણીની છટા | ૨૯૧ |
| વિષય ઓગણીસમો : | ગોખલે અને મહેતા | ૩૧૭ |
| વિષય વીસમો : | ગોખલે અને તેમના વિષે ઓછી જાહેરમાં આવેલી બાબતો. | ૩૪૭ |
| પરિશિષ્ટ પહેલું : | ગોખલેનું રાજકીય વસિયતનામું | ૩૬૮ |



શ્રી ગોપાળ-કૃષ્ણ ગોખલે : ૧૯૧૪